**જામનગરના વિશેષ ન્યાયાધીશ (પોક્સો) અને ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ફો.પ.અ.નં. ૧૦૯૧/૨૦૨૪**

**આંક:**

सत्यमेव जयते

**દિનેશ રામભાઈ વઘોરા,**
ઉ.વ.૨૪, ધંધો: મજૂરી,
રે. બજરંગ હોટેલની સામે, ગાગવાધાર,
મોટી ખાવડી, તા.જિ. જામનગર. ....... અરજદાર

**વિરુદ્ધ**

**ધ સ્ટેટ ઓફ ગુજરાત**
નોટિસ થ્રુ ડી.જી.પી. જામનગર.
જામનગર. ..... સામાવાળા.

**વિષય:–** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મળવા.

**ગુન્હો:–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪, ૩૫૪(એ), તથા <u>પોક્સો એક્ટની કલમ–૮ અને ૧૨ મુજબ</u>

---

અરજદારો તરફે વિદ્વાન વકીલશ્રી કે.બી. બગડા
સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી જે.કે. ભંડેરી

---

## -:: ઠરાવ ::-

**૧.** જામીન અરજી વંચાણે લીધી. તપાસ કરનાર અધિકારીએ આંક-૫ થી સોગંદનામું રજૂ કરેલ છે તે વંચાણે લીધુ. સદર કામમાં સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૪૦/૨૦૨૪થી ચાર્જશીટ રજૂ થયેલ છે તે ચાર્જશીટ તથા તેની સાથેના તમામ પોલીસ પેપર્સ વંચાણે લીધા. આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી કે.બી. બગડાની દલીલો સાંભળી તથા સરકારી વકીલશ્રી જે.કે. ભંડેરીની દલીલો સાંભળી.

**૨.** અરજદાર/આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૫૪(એ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૮ અને ૧૨ મુજબના ગુનાની ફરિયાદ નોંધાયેલ છે. ફરિયાદ હકીકત મુજબ આ કામના ફરિયાદીની સગીરવયની દીકરી ઉંમર ૧૧ વર્ષ, ૬ માસ વાળી ઘરે જવા માટે સીડી ચડતી હતી ત્યારે આ કામના અરજદાર/ આરોપીએ પાછળથી આવી બળજબરીપૂર્વક ભોગ બનનારની મરજી વિરુદ્ધ તેનો હાથ પકડી, બાથમાં ભરી, હોઠ ઉપર ચુંબન કરી, છાતીએ હાથ ફેરવી શરીરે અડપલાં કરી, શારીરિક સ્પર્શ કરી ગુન્હો કરેલ છે. આ કામે ભોગ બનનારનું તા. ૨૪/૦૬/૨૦૨૪ના રોજ વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં ભોગ બનનારે જણાવેલ કે, ''હું તા. ૧૯/૦૬/૨૦૨૪ના રોજ ટાઉનશીપમાં આવેલ મારી સ્કૂલમાંથી બપોરના ૨:૧૫ વાગ્યે છૂટીને સાયકલ લઇને ઘરે આવતી હતી ત્યારે મારા ઘરના બ્લોક નીચે એક હાઉસકીપરનું કામ કરતો માણસ ત્યાં ઉભો હતો અને હું બપોરના ૨:૩૦ વાગ્યે મારા બ્લોક નીચે

સાયકલ પાર્ક કરીને ઉપર જવા સીડીઓ ચડતી હતી ત્યારે આ માણસ મારી પાછળ-પાછળ આવતો હતો અને હું મારા ઘર પાસે પહોંચતા આ માણસે મને એકદમ હાથ પકડી મને બાથમાં ભરી મારા હોઠ ઉપર ચુંબન કરી મારી છાતીએ હાથ ફેરવેલ. જેથી હું ડરી જતા તરત જ મારા ઘરે દોડીને જતા મારા મમ્મીને આ વાત કહેતા તે માણસને રોકીને નામ પૂછતા દિનેશ કહેલ હતુ.'' ભોગ બનનારના આ વિશેષ નિવેદનને આધારે અરજદારને હાલના ગુનામાં અટક કરવામાં આવેલાં છે. તેઓ તા. ૨૮/૦૭/૨૦૨૪ના રોજથી જ્યુડિશ્યલ કસ્ટડીમાં છે.

**૩.** હાલના ગુનામાં અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા તેઓની સામે ભારતીય દંડ સંહિતાની કમલ-૩૫૪, ૩૫૪(એ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૮ અને ૧૨ મુજબનો ગુન્હો કર્યાના આક્ષેપ છે. આ કામે મૂળ ફરિયાદીએ કોર્ટ રૂબરૂ આવી અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા સામે વાંધો હોવાનું જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૫થી રજૂ કરેલ સોગંદનામું ધ્યાને લેતા તેમાં અરજદાર/ આરોપીને જામીન મુક્ત નહિ કરવા માટે જે કારણો જણાવેલ છે તેમાં અરજદાર જામીન ઉપર છૂટ્યા બાદ ભોગ બનનાર તથા ફરિયાદપક્ષના સાહેદોને લોભ, લાલચ, ધાક ધમકી કે પ્રલોભન આપી પોતાની વિરુદ્ધ બોલતા અટકાવી શકે તેવી દહેશત જણાવેલ છે તથા અરજદાર ફરિયાદીપક્ષ સાથે માથાકૂટ/ ઝઘડો કરી, ફરી કોઇ ગંભીર ગુન્હો આચરે તેવી પૂરેપૂરી સંભાવના હોઇ, જેથી જામીન મુક્ત નહિ કરવા જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ જણાવેલ આ કારણો સબબ

અરજદાર/આરોપીને જામીન મુક્ત ન કરવા તે યોગ્ય અને ઉચિત જણાતુ નથી. કારણ કે, તપાસ કરનાર અધિકારીએ જે દહેશત બતાવેલ છે તેને યોગ્ય શરતો લાદીને નિવારી શકાય તેમ છે. આ કામે અરજદાર/આરોપીના વિદ્વાન વકીલશ્રીએ **ક્રિમિનલ અપીલ નં. ૩૧૭૩/૨૦૨૪ (સુપ્રીમ કોર્ટ) જલાલુદ્દીન ખાન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા**નો ચુકાદો રજૂ રાખેલ છે, જે વંચાણે લીધો. આ કામે તપાસ પૂર્ણ થઇ ચાર્જશીટ થઇ ગયેલ છે. તેમજ અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુનામાં મહત્તમ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. જેથી આ કામે સદર ગુનામાં અરજદારને યોગ્ય શરતોએ જામીન ઉપર મુક્ત કરવા ઉચિત અને ન્યાયી જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

**૧.** આ કામના અરજદાર/આરોપી દિનેશ રામભાઇ વઘોરા, રે. બજરંગ હોટેલની સામે, ગાગવાધાર, મોટી ખાવડી, તા.જિ. જામનગરનાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૯ અન્વયે કરવામાં આવેલી હાલની રેગ્યુલર જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદાર/આરોપી વિરુદ્ધ મેઘપર-પડાણા પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુના રજિસ્ટર નં. ૧૧૨૦૨૦૩૮૨૪૦૪૬૪/૨૦૨૪થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૫૪(એ) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૮ અને ૧૨

મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના અરજદાર/આરોપીએ આ કામે રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના એક એવા બે સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોએ આધિન આ કામે જામીન મુક્ત કરવા.

**<u>શરતો</u> :-**

૧. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહિ અને ફરિયાદી તથા સાહેદોને કોઇ જાતની ધાક ધમકી કે લાલચ અને પ્રલોભન આપવુ નહિ.

૨. અરજદાર/આરોપીએ પોતાની જામીન મુક્તિનો ગેરલાભ ઉઠાવવો નહિ અને ફરિયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કરવુ નહિ.

૩. અરજદાર/આરોપીએ ફરીથી આ પ્રકારનું ગુન્હાહિત કૃત્ય કરવુ નહિ અને કોઇ જાતની ગુન્હાહિત પ્રવૃત્તિ સાથે પોતાની જાતને સાંકળવી નહિ.

૪. અરજદાર/આરોપીએ હુકમ મુજબ જામીન મુક્ત થયાના ૩ દિવસમાં પોતાનું હાલનું રહેણાંક સ્થળ સોગંદનામાથી સંબંધિત કોર્ટમાં જાહેર કરવુ અને ઇન્સાફી કાર્યવાહી પૂરી થતા સુધી તેમાં અદાલતની પૂર્વ પરવાનગી વગર કોઇ જાતનો ફેરફાર કરવો નહિ અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન-૩માં તપાસનીશ અધિકારી સમક્ષ રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો, તે અંગેનું સોગંદનામું સંબંધિત અદાલતમાં રજૂ કરવું.

૫. અરજદાર/આરોપીએ તેમની સામેની ઇન્સાફી કાર્યવાહી પૂર્ણ ના થાય

ત્યાં સુધી અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ છોડવી નહિ. તેમજ ફરિયાદીના ઘરની આજુબાજુમાં ૧૦૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવો નહિ.

૬. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે કોર્ટમાં હાજર રહેવુ.

**૩.** અરજદાર/આરોપીએ ક્રિમિનલ મેન્યુઅલ પેરા–૩૦૬ મુજબ જામીન અત્રેની જિલ્લા અદાલતના નાઝીરશ્રી સમક્ષ રજૂ કરવા. તે અંગે યાદી કરવી.

**૪.** આ હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી. જરૂરી યાદી કરવી.

આ હુકની આજરોજ તા.૧૭મી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૭/૦૮/૨૦૨૪
સ્થળ : જામનગર
*H H Bandhiya*

**(માધવી કેતનભાઈ ભટ્ટ)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
જામનગર. કોડ નં. **GJ00856**

......